# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રાજ્યભરમાં આજે બંધારણ દિવસની ઉજવણી કરાઈ - ભારતનું બંધારણ નાગરિક ધર્મ નિભાવવામાં પથદર્શક રહ્યું હોવાનું જણાવતાં મુખ્યમંત્રી
2. નમો લક્ષ્મી યોજના' હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં 10 લાખ વિદ્યાર્થીનીઓને 138 કરોડ રૂપિયાની સહાય કરાઇ
3. ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારને દિલ્હી ખાતે “ISC-FICCI સેનિટેશન એવોર્ડ એનાયત
4. આણંદની અમૂલ  ડેરી ખાતે નેશનલ મિલ્ક ડેની ઉજવણી કરાઈ
5. રાજ્યની ગુનાશોધક શાખાએ ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી
6. આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં  ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Constitution Day Gandhinagar

આજે રાજ્યભરમાં 10મા સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજભવનનાં અધિકારીઓ અને કર્મચારીઓને ભારતના સંવિધાન માટે સંકલ્પબદ્ધ અને સમર્પિત રહેવાના અને રાષ્ટ્રીય અખંડિતતાના પણ શપથ લેવડાવ્યા હતા.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નર્મદા હોલ ખાતે સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું હતું. બંધારણે ભારતીય લોકશાહીને આપેલી મજબૂતાઇ અંગે મુખ્યમંત્રીએ આ પ્રમાણે જણાવ્યું...

(બાઇટ- ભુપેન્દ્ર પટેલ, સીએમ)

આ અગાઉ ગાંધીનગરનાં વિસ્ટા ગાર્ડન ખાતે થયેલી ઉજવણીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી તથા સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસનાં રાજ્યસભાના સભ્ય શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, વિશ્વમાં શ્રેષ્ઠ લેખિત બંધારણ ભારત પાસે છે. શ્રી ગોહિલે ભારતીય બંધારણ અંગે વધુમાં આ મુજબ જણાવ્યું..

(બાઇટ- શક્તિસિંહ ગોહિલ, રાજ્યસભાના સભ્ય, કોંગ્રેસ)

-----------

# Bandharan divas - DISTRICT

સમગ્ર રાજ્યમાં આજે 10મા બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરની ડાયરેકટોરેટ ઓફ પ્રોસિક્યુશન કચેરી  દ્વારા આંજણા કેળવણી મંડળ સંસ્થા ખાતે ડાયરેક્ટર અંબાલાલ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો **‘બંધારણ દિવસ’ની ઉજવણી** કાર્યક્રમ યોજાયો હતો.

છોટાઉદેપુર જિલ્લામાં અલીપુરા ચોકડી ખાતે ભારતીય જનતા પાર્ટીનાં અનુસૂચિત મોરચા દ્વારા રેલી યોજવામાં આવી હતી.

મહિસાગર જિલ્લાના ૭૭ અમૃત સરોવર પર બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લુણાવાડાના નાની પાલ્લી ગામે આવેલ અમૃત સરોવર ખાતે કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની  ઉપસ્થિતિમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી.

ભરૂચમાં બામસેફ અને ઇન્સાફ સંગઠનના કાર્યકરો દ્વારા રેલ્વે સ્ટેશન સ્થિત ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સંવિધાન અંગેના શપથ લેવામાં આવ્યા હતા. તેમજ  ભરૂચ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પણ ઉજવણી કરાઇ હતી.

નવસારીમાં નેહરુ યુવા કેન્દ્રના યુવાનોએ "આપણા સંવિધાન, આપણો સ્વાભિમાન" ના નારાઓ સાથે સંકલ્પ પદયાત્રા યોજી ઉજવણી કરી હતી.

વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં ઉપસ્થિત સૌ દ્વારા બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું.

દીવના અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે, સાઉદવાડી ગ્રામ પંચાયત દ્વારા બંધારણ દિવસની ઉજવણી અંતર્ગત આજે ગ્રામ સભા, શપથ સમારોહ અને જળ શક્તિ કાર્યક્રમ યોજાયો.

-----------

## Namo laxmi yojna

નમો લક્ષ્મી યોજના' હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં 10 લાખ વિદ્યાર્થીનીઓને 138 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

આ યોજના હેઠળ ચાર વર્ષ દરમિયાન ધોરણ 9 થી 12માં ભણતી વિદ્યાર્થીનીઓને 50 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ વર્ષના બજેટમાં આ યોજના માટે 1250 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત તેમજ કેન્દ્રીય શિક્ષણ બોર્ડ સંલગ્ન શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ આ યોજના માટે અરજી કરી શકે છે. જે માટે શાળામાં ધોરણ 8 પૂરું કરી અને ધોરણ 9માં પ્રવેશ મેળવ્યો હોવો જોઈએ તેમજ પરિવારની વાર્ષિક આવક 6 લાખ રૂપિયા અથવા તેનાથી ઓછી હોવી જોઈએ.

રાજ્ય સરકારે આર્થિક કારણોસર પ્રાથમિક શિક્ષણ પછી અભ્યાસ છોડનાર, વિદ્યાર્થિનીઓનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરવાના હેતુથી નમો લક્ષ્મી યોજના' શરૂ કરી છે.

આ તમામ પાત્રતા ધરાવતી વિદ્યાર્થિનીઓને ધોરણ 9 અને 10 પૂર્ણ કરવા પર 20 હજાર રૂપિયા આપવામાં આવશે. ધોરણ 12 પાસ થતાં ત્રીસ હજાર

રૂપિયાની આર્થિક સહાય આપવાની જોગવાઈ છે. આ રીતે વિદ્યાર્થિનીઓને ચાર વર્ષમાં પચાસ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ માટે સરકારે 'નમો લક્ષ્મી પોર્ટલ' શરૂ કર્યું છે.

-----------

## ISC-FICCI સેનિટેશન એવોર્ડ

ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારને દિલ્હી ખાતે “ISC-FICCI સેનિટેશન એવોર્ડ-૨૦૨૪” એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આજે FICCI ફેડરેશન હાઉસ, દિલ્હી ખાતે આયોજિત ISC-FICCI સેનિટેશન એવોર્ડની ૮મી આવૃત્તિમાં ગુજરાતને આ પુરસ્કાર  અર્પણ કરવામાં આવ્યો છે.

આ અંગે ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તરફથી ગ્રામ વિકાસ કમિશનર કચેરી દ્વારા ચાર કેટેગરીમાં નામાંકન કરવામાં આવ્યું હતું. એવોર્ડ કમિટી દ્વારા “સરકાર માટે ખાસ સન્માન” કેટગરી હેઠળ ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટની પસંદગી કરી હતી.

શ્રી પટેલે જણાવ્યું  કે, ગોબરધન યોજના હેઠળ ઘન કચરા વ્યવસ્થાપન માટે ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ સાત હજાર 411 બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે.

-----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## NATIONAL MILK DAY

આજે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે  આકાશવાણી સાથેની ખાસ વાતચીતમાં ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન-G.C.M.M.F. અમૂલના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ, જણાવ્યું હતું કે ભારત આગામી 10 વર્ષમાં વિશ્વમાં ઉત્પાદિત કુલ દૂધમાંથી એક તૃતીયાંશ દૂધનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. તેને હાંસલ કરવામાં અમૂલ દ્વારા અમેરિકા બાદ ટૂંક સમયમાં યુરોપમાં પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

( બાઇટ- જયેન મહેતા, G.C.M.M.F.)

દરમિયાન આણંદની અમૂલ  ડેરી ખાતે નેશનલ મિલ્ક ડેની ઉજવણીના ભાગરૂપે અમૂલ સાયકલ રેલીનું આયોજન કરાયું હતું, આ સાયકલ રેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ  આણંદ (IRMA) ખાતેથી શરૂ થઈને અમૂલ ડેરી પ્લાન્ટ ખાતે સમાપ્ત થઈ હતી,  નેશનલ મિલ્ક ડેની ઉજવણીમાં, અમૂલે દેશના ચાર ખૂણા - હિંમતનગર, પુણે,  કોલકાતા અને જમ્મુમાંથી ચાર ક્લિન ફ્યુઅલ

રેલીનું આયોજન કર્યું હતું.  કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા આયોજિત ઉજવણીમાં નવી દિલ્હીમાં આ ચાર રેલીઓ એકત્ર થઈ હતી.

-----------

## Khyati Hospital Arrest

રાજ્યની ગુનાશોધક શાખાએ ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ તમામ આરોપીઓ પોતાનો મોબાઈલ ફોન બંધ કરીને નવા મોબાઈલથી સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં હતા.

ચિરાગ રાજપૂતની ખેડાથી તથા રાહુલ જૈન અને મિલિંદની ઉદયપુરથી ધરપકડ કરવામાં આવી છે. અગાઉ પકડાયેલા આરોપી ડૉક્ટર પ્રશાંત વઝીરાણી હાલ જેલમાં છે.

અન્ય આરોપી કાર્તિક પટેલ હાલ ન્યુઝીલેન્ડ છે, જ્યારે ડોક્ટર સંજય પટોલિયાએ અમદાવાદ ગ્રામ્ય અદાલતમાં આગોતરા જામીન માટે અરજી મૂકી છે.

-----------

## REVISE Weather

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેવાની આગાહી કરી છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના

જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ બાદ તાપમાનમાં એક થી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની પણ સંભાવના છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લાં 24 કલાક દરમિયાન સૌથી ઓછું 11.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 4.7 ડિગ્રી સેલ્સિયસ ઓછું છે. અમદાવાદમાં 15.9 ડિગ્રી, વડોદરામાં 13.8 ડિગ્રી અને સુરતમાં 20.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

-----------

## Veraval-Indore Train route

પશ્ચિમ રેલવેના આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલિંગના કામ માટે લેવામાં આવેલા બ્લોકને કારણે વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ આંશિક રીતે બદલાયેલા રૂટ પર દોડશે.

27 નવેમ્બર, 4, 11, 18 અને 25 ડિસેમ્બરનાં રોજ વેરાવળ-ઇન્દોર મહામના એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ગેરતપુર-આણંદ-ડાકોર-ગોધરા ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર- આણંદ-બાજવા- છાયાપુરી-ગોધરા થઈને ચાલશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

-----------